/૦૮


# GUJMIN INDUSTRY ASSOCIATION

पृथ्वी कोश भूषण
ESTD. 1962

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org


નં. ગુજમીન/માઇનિંગ ઇસ્સુ /૨૦૨૪/૪૭

તા. ૨૬-૦૬-૨૦૨૪

પ્રતિ

અધિક મુખ્ય સચિવશ્રી,

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

બ્લોક નં.૫/૩ સચિવાલય,

ગાંધીનગર

વિષય: <u>ખાણના ખાડાઓની માપણી માટે સંવાદસમિતિની રચના કરવા બાબતે:</u>

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકારમાન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ધટતું કરવા વિનંતી છે.

<u>પ્રશ્નની વિગત:</u>

સરકારશ્રી ના ઉદ્યોગ અને વિભાગ, ગાંધીનગર દ્વારા રાજ્ય બ્લેકટ્રેપ ખનિજની ક્વોરી લીઝોના ખાણોના ખાડા માપણી માટે સંવાદ સમિતિની રચના કરવામાં આવેલ છે. બેન્ટોનાઈટ, બોકસાઈટ, વિગેરે ખનિજો એ પોકેટ ડિપોજીટ તરીકે મળતા હોઈ આખા લીઝ વિસ્તારમાં મળી આવતું નથી જ્યારે આવી ખાણોના ખાડા માપણી ખાતા દ્વારા કરવાંમાં આવે છે ત્યારે સળંગ આખા ખાડાઓ માંથી ખનિજ મળે છે તે રીતે ગણતરી કરી દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે અન્ય ખનિજોના ખાડા માપણીમાં પણ જથ્થાની ગણતરીની એક સૂત્રતા જળવાતી નથી. ખનીજ ઉત્પાદન

અને માપણી આધારિત જથ્થાની ગણતરીમાં 10% જેટલો તફાવત તમામ ખનિજોની દંડકિય કાર્યવાહી માટે ધ્યાને લેવા પાત્ર થાય નહીં.

**અમારું સૂચનઃ**

તમામ ખાનિજોની લીઝોના, ખાડાઓની માપણી માટે સંવાદ સમિતિ રચવામાં આવે તેવી રજૂઆત છે.

ઉપરોક્ત રજૂઆત અંગે ઘટતું થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,
ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી

સી.એમ. દ્વિવેદી
પ્રમુખ

નકલ રવાના:
કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું, ગાંધીનગર તરફ ઘટતુ કરવા વિનંતી.